# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧


**–: અખબારી યાદી :–**

## રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વાહકજન્ય રોગ નિયંત્રણ કામગીરી માટે સેવા આપવા ઈચ્છા ધરાવનાર સ્વયંસેવકો જોગ અખબારી યાદી

તારીખ: ૦૯–૦૬–૨૦૨૦

રાજકોટ મહાનગરપાલિકા હસ્તક રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વાહકજન્ય રોગ નિયંત્રણ માટે જુદા જુદા પ્રકારની કામગીરી કરવાની રહે છે. સરકારશ્રી દ્વારા આ કામગીરી માટે સ્વયંસેવકો રાખી કામગીરી કરાવવા નિતી નિયત થયેલ છે જે અનુસાર ચોમાસાની રોગચાળાની સિઝન દરમ્યાન મેલેરિયા તથા ડેન્ગ્યુ, ચિકુનગુનીયા જેવા વાહકજન્ય રોગો માટે કામચલાઉ ધોરણે સરકારશ્રી દ્વારા નિયત થયેલ ઈન્સેન્ટીવના (માનદવેતન) ધોરણ અનુસાર સ્વયંસેવકોને રાખી રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરી કરાવવામાં આવે છે.

હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણની કામગીરી માટે સ્વયંસેવકોની જરૂરિયાતની ઘટની પુર્તતા કરવા માટે આવી કામગીરી કરવા માટે ઈચ્છા ધરાવનાર પુરૂષ સ્વયંસેવકોની અરજીઓ મંગાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

હાલ વરસાદી ઋતુમાં વાહકજનય (મચ્છર જન્ય) રોગચાળો વધવાની સંભાવના હોય, વાહકજન્ય રોગ નિયંત્રણ હેઠળ જુદી–જુદી કામગીરી કરવા સ્વયંસેવક તરીકે રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણની ફિલ્ડની કામગીરી માટે ઈચ્છા ધરાવનાર પુરૂષ ઉમેદવારો પાસેથી સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ઈન્સેન્ટીવ (માનદવેતન) પ્રતિ ઘર રૂા.૨/– લેખે અંદાજીત ૨૦૦ થી ૩૦૦ રૂપિયા માનદવેતનથી કામગીરી કરવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે. મહાનગરપાલિકા દ્વારા હાલના તબક્કે સ્વયંસેવકોની ઘટની પુર્તતા કરવા તથા અગામી સમયમાં કામગીરીની જરૂરિયાતને ધ્યાને લઈને ઉમેદવારોને ભવિષ્યના સમયમાં કામગીરી માટે રાખવા માટેની યાદી તૈયાર કરવાની કાર્યવાહી માટે વોક – ઈનથી (રૂબરૂ) અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ઉમેદવારોને વહેલા તે પહેલા ના ધોરણે વોક – ઈનથી (રૂબરૂ) માં આપવાની રહેશે. આ કામગીરી માટે ઉમેદવારી નોંધાવતા અરજદારોએ નીચે દર્શાવેલ વિગતોની શરતોને ધ્યાને લઈને અરજી આપવાની રહેશે.

(૧) સ્વહસ્તાક્ષરે અરજી રૂબરૂ (વોક – ઈન) માં તારીખ : ૧૧/૦૬/૨૦૨૦ નાં સવાર ૧૧:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન મેલેરિયા ભવન, અખિલ હિન્દ મહિલા પરિષદ આરોગ્ય કેન્દ્રના કમ્પાઉન્ડમાં, લક્ષ્મીવાડી મેઈન રોડના છેડે, રાજકોટ ખાતે વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે.
(૨) આ કામગીરી માટે સરકારશ્રી દ્વારા નિયત થયેલ દર મુજબનું ઈન્સેન્ટીવ (માનદવેતન) કરેલ કામગીરીને અનુરૂપ ચુકવવામાં આવશે. **કરેલ કામગીરીને અનુસાર દૈનિક ૨૦૦ થી ૩૦૦ નું માનદવેતન મળવાપાત્ર છે.**
(૩) અરજદાર રાજકોટ શહેરના સ્થાનિક રહેવાસી હોવા જોઈએ.
(૪) અરજદારની ઉંમર ૧૮ થી ૪૫ વર્ષની હોવી જોઈએ.
(૫) અરજદાર ફિલ્ડવર્કની કામગીરી કરવા માટે શારીરીક રીતે સક્ષમ હોવા જોઈએ.
(૬) લખી – વાંચી શકતા હોવા જોઈએ.
(૭) આ કામગીરી રોગચાળાની સિઝન પુરતી જ રોગચાળાની પરિસ્થતીને ધ્યાને લઈ નિયત સમય સુધી જ મર્યાદિત રહેશે.
(૮) આ કોઈ પણ પ્રકારની રોજગારી કે ભરતી માટેની જાહેરાત નથી.
(૯) અરજીની સાથે આધાર કાર્ડની સ્વ પ્રમાણીત નકલ સામેલ રાખવાની રહેશે.
(૧૦) ઉમેદવારે વેલીડ ફોટો આઈ.ડી. પ્રુફ તથા પાસપોર્ટ સાઈઝના ૨ ફોટોગ્રાફ સાથે અરજી આપવાની રહેશે.

અરજી નીચે દર્શાવેલ વિગતેના નમુના મુજબ કરવાની રહેશે. :–

(૧) નામ :–
(૨) જન્મતારીખ :–
(૩) પુરૂ સરનામું :–
(૪) કોન્ટેકટ નંબર :–
(૫) શૈક્ષણિક લાયકાત :–
(૬) આધાર કાર્ડ નંબર :–

ઉપરની લાયકાત ધરાવતા ઉમેદવારો પૈકી વહેલા તે પહેલાના ધોરણે સ્વયંસેવકો લેવાના રહેશે.

આરોગ્ય અધિકારી
રાજકોટ મહાનગરપાલિકા